# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-02-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **નીકીતા શાહ** વાંચે છે.

****************************************************

1) નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર ભાગદોડમાં 15 લોકોના મોત અનેક લોકો ઘાયલ

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ભારત ટેક્સ 2025માં સંબોધન કરશે

3) સલામતીના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેના મતદાનનો પ્રારંભ.

4) અમેરિકાએ  યુરોપ યુક્રેનની શાંતિ વાટાઘાટોમાં ભાગ નહીં લે તેમ જણાવ્યું

5) મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં, દિલ્હી કેપિટલ્સે મુંબઈ ઈન્ડિયન્સને 2 વિકેટથી હરાવ્યું

..........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# DELHI STAMPED

દિલ્હીમાં, ગઈકાલે સાંજે નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર ભાગદોડમાં 15 લોકો માર્યા ગયા છે અનેક લોકો ઘાયલ થયા છે અધિકારીઓએ જણાવ્યું કે, ભાગદોડ પહેલા, પ્રયાગરાજ જતી ટ્રેનોમાં ચઢવા માટે મુસાફરોનો ભારે ધસારો હતો.

કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે માહિતી આપતા જણાવ્યું મુસાફરોના અચાનક ધસારાને કારણે આ ઘટના બની છે. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યું કે ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપવામાં આવ્યા છે. અને પરિસ્થિતિ હવે નિયંત્રણમાં છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો. શ્રી મોદીએ કહ્યું કે તેઓ આ ઘટનાથી વ્યથિત છે. તેમણે મૃતકોના પરિવારજનોને સાંત્વના પાઠવી છે તથા ઘાયલોના ઝડપી સજા થાય એવી પ્રાર્થના કરી છે. શ્રી મોદીએ કહ્યું કે અધિકારીઓ પ્રભાવિત તમામ લોકોને મદદ કરી રહ્યા છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે તેમણે શ્રી વૈષ્ણવ, દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેના અને અન્ય સંબંધિત અધિકારીઓ સાથે આ ઘટના અંગે વાત કરી છે. દરેકને શક્ય તેટલી મદદ પૂરી પાડવા માટે સૂચનાઓ જારી કરવામાં આવી છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પણ આ ઘટના અંગે શોક વ્યક્ત કર્યો છે.દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ ઘાયલોને આપવામાં આવતી સુવિધાઓની સમીક્ષા કરવા માટે હોસ્પિટલની મુલાકાત લીધી હતી

# MORN.PM-BHARAT TEX 2025

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ભારત ટેક્સ 2025માં સંબોધન કરશે.

અમારા પ્રતિનિધિ જણાવે છે કે, ભારત ટેક્સ પ્લેટફોર્મ, કાપડ ઉદ્યોગનો સૌથી મોટો અને વ્યાપક કાર્યક્રમ છે, જે સમગ્ર કાપડ ઇકોસિસ્ટમનું પ્રદર્શન કરે છે. તેમાં 70 થી વધુ કોન્ફરન્સ સત્રો, રાઉન્ડ ટેબલ, પેનલ ચર્ચાઓ અને માસ્ટર ક્લાસ સાથે વૈશ્વિક પરિષદ યોજાઇ રહી છે.

આ કાર્યક્રમમાં નીતિ નિર્માતાઓ અને વૈશ્વિક સીઈઓ, 5,000 થી વધુ પ્રદર્શકો, 120 થી વધુ દેશોના 6,000 આંતરરાષ્ટ્રીય ખરીદદારો અને અન્ય મુલાકાતીઓ ભાગ લેશે.

# MORN.PM SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભારત ભવિષ્ય વિશે વૈશ્વિક ચર્ચાઓના કેન્દ્રમાં જ નથી, પરંતુ આ ચર્ચાઓનું નેતૃત્વ પણ કરી રહ્યું છે.

ગઈકાલે દિલ્હીમાં એક મીડિયા હાઉસ દ્વારા આયોજિત સમિટને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, ભારતે વૈશ્વિક સ્તરે એક એવું સ્થાન પ્રાપ્ત કર્યું છે જે તેણે પહેલાં ક્યારેય મેળવ્યું ન હતું. તેમણે કહ્યું કે, વૈશ્વિક મંચો અને અગ્રણી દેશોનો ભારતમાં વિશ્વાસ પહેલા કરતાં વધુ મજબૂત બન્યો છે.

(BYTE: PM મોદી)

PM મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, ભારત 2014 થી ઝડપી વિકાસના માર્ગ પર છે. માત્ર એક દાયકામાં, ભારત વિશ્વની ટોચની 5 અર્થવ્યવસ્થાઓ માંની એક બની ગયું છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, ભારત આગામી વર્ષોમાં ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનશે. તેમણે કહ્યું કે, ભારત પ્રથમ ત્રણ ઔદ્યોગિક ક્રાંતિ ચૂકી ગયું પરંતુ ચોથીમાં વિશ્વ સાથે આગળ વધવા માટે તૈયાર છે.

## PRESIDENT DRAUPADI MURMU- BIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીના મેજર ધ્યાનચંદ સ્ટેડિયમ ખાતે આદિ મહોત્સવ-2025નું ઉદ્ઘાટન કરશે. આ મહોત્સવ લોકોને આદિવાસી સમુદાયોનની ઉદ્યોગસાહસિકતા, હસ્તકલા, સંસ્કૃતિ અને ખોરાક અને વ્યાપારી જીવનનો પરિચય કરાવે છે.

દરમિયાન રાષ્ટ્રપતિએ ગઇકાલે રાંચી ખાતે (BIT) ના અમૃત મહોત્સવ સંબોધતા કૃત્રિમ બુદ્ધિમત્તાની મદદથી ટેક્નોલોજી ક્ષેત્રે નવકલ્પના લાવવા ઉપર ભાર મૂક્યો હતો. તેમણે વિકસિત ભારતનું ધ્યેય હાંસલ કરવામાં યુવાનોની ભૂમિકા મહત્વની હોવાનું જણાવ્યું હતું.

# GUJARAT LOCAL BODY ELECTION

ગુજરાતમાં જૂનાગઢ મહાનગરપાલિકા, 66 નગરપાલિકા તેમજ ગાંધીનગર, કઠલાલ અને કપડવંજ તાલુકાના પંચાયતની સામાન્ય ચૂંટણી અને વિવિધ સ્થાનિક સ્વરાજ્યની મધ્યસ્થ તેમજ પેટા ચૂંટણી માટે આજ સવારથી મતદાન થઈ રહ્યુ છે.સાંભળીએ અમારા સંવાદ્દાતાનો અહેવાલ ..

(BYTE: APARNA KHUNT)

# US-UKRAINE

અમેરિકાએ આજે જાહેરાત કરી છે કે યુરોપ યુક્રેનની શાંતિ વાટાઘાટોમાં ભાગ લેશે નહીં. યુએસ રાષ્ટ્રપતિના સહાયક અને રશિયા અને યુક્રેન માટેના ખાસ દૂત કીથ કેલોગે જર્મનીના મ્યુનિકમાં વૈશ્વિક સુરક્ષા પરિષદ દરમિયાન આ નિવેદન આપ્યું હતું.

શ્રી કેલોગ પ્રદેશમાં શાંતિ સુનિશ્ચિત કરવાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ઉદ્દેશ્યને આગળ વધારવા માટે 22 ફેબ્રુઆરી સુધી યુરોપિયન પ્રવાસ પર છે.

શ્રી કેલોગનું આ નિવેદન વોશિંગ્ટને યુરોપિયન દેશોને એક પ્રશ્નાવલી મોકલ્યા બાદ આવ્યું જેમાં પૂછવામાં આવ્યું કે, તેઓ યુક્રેન માટે સુરક્ષા ગેરંટીમાં શું યોગદાન આપી શકે છે.

અગાઉ, યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ યુરોપિયન સૈન્યની માંગ કરી હતી, દલીલ કરી હતી કે, ખંડ હવે યુએસ રક્ષણ પર આધાર

**રાખી શકતો નથી અને વોશિંગ્ટન તરફથી એક મજબૂત સૈન્યની જરૂર છે. નાટો સેક્રેટરી જનરલ માર્ક રુટે પણ યુરોપિયનોને યુક્રેનને ટેકો આપવા માટે એકસાથે કામ કરવા વિનંતી કરી છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

# MAHAKUMBH - BIRD FESTIVAL, CLIMATE CONFERENCE

**પ્રયાગરાજમાં સંગમ નદીના કિનારે મહાકુંભ ખાતે આજે પ્રકૃતિ અને પક્ષી મહોત્સવ- 2025નું ઉદ્ઘાટન થશે.**

**અમારા પ્રતિનિધિ જણાવે છે કે, ભારતીય સ્કિમરને આ મહોત્સવ માટે માસ્કોટ તરીકે પસંદ કરવામાં આવ્યો છે, જે શ્રદ્ધા અને સંરક્ષણના સંગમનું પ્રતીક છે.**

**(Byte: અભિષેક)**

દરમિયાન મહાકુંભમાં ગઇકાલે સાંજ સુધીમાં 1 કરોડ 21 લાખથી વધુ ભક્તોએ પવિત્ર ડૂબકી લગાવી હતી . દરરોજ વિશ્વભરમાંથી લાખો ભક્તો આ ભવ્ય મહોત્સવમાં ભાગ લઈ રહ્યા છે. અમારા સંવાદદાતાએ માહિતી આપી હતી કે અત્યાર સુધીમાં 51 કરોડ 31 લાખ ભક્તોએ સંગમમાં સ્નાન કર્યું છે.

# WPL T20-CRICKET RESULT

મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં, દિલ્હી કેપિટલ્સે ગઈકાલે રાત્રે વડોદરામાં એક રોમાંચક મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને 2 વિકેટથી હરાવ્યું.

પ્રથમ બેટિંગ કરતા, મુંબઈ ઈન્ડિયન્સે દિલ્હી કેપિટલ્સને જીત માટે 165 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. દિલ્હી કેપિટલ્સે નિર્ધારિત 20 ઓવરમાં લક્ષ્ય હાંસલ કરતાં તેની જીત થઈ હતી.

આજે સાંજે વડોદરામાં ગુજરાત જાયન્ટ્સનો મુકાબલો યુપી વોરિયર્સ સામે થશે. આ મેચ સાંજે 7.30 વાગ્યાથી રમાશે.

<u>હવે જોઇએ આજના અખબારોમાં પ્રસિધ્ધ થયેલા મુખ્ય સમાચાર .. સિમ્પલ ઠક્કર</u>

- આજના તમામ અખબારોમાં દિલ્હી રેલવે સ્ટેશન ઉપર થયેલી દોડધામમાં પંદર જેટલા લોકોના મોત , મહાકુંભમાંથી પરત જઇ રહેલા છત્તીસગઢના દસ યાત્રાળુઓના મોત તેમજ અમેરિકા દ્વારા વધુ 119 ભારતીય નાગરિકોને પરત મોકલાયાના સમાચાર પ્રથમપેજ ઉપર જોવા મળી રહ્યાં છે.
- દિવ્ય ભાસ્કર ,ગુજરાત સમાચાર અને નવગુજરાત સમયે હેડલાઇનમાં લખ્યું છે કે દિલ્હી રેલવે સ્ટેશન ઉપર ધક્કા મુક્કી ત્રણ બાળકો સહિત પંદરના મોત
- અંગ્રેજી અખબાર ઇન્ડિયન એક્સપ્રેસ અને ટાઇમ્સ ઓફ ઇન્ડિયાએ પણ દિલ્હી રેલવેસ્ટેશન ઉપરની ઘટનાને જ હેડલાઇનમાં છાપી છે.
- આ ઉપરાંત બંને અંગ્રેજી અખબારોએ તહુવ્વર રાણાના અમેરિકા દ્વારા ભારતમાં થનારા પ્રત્યાપ્રણને લગતા અહેવાલો પહેલા પેજ ઉપર પ્રકાશિત કર્યા છે.
- ફૂલછાબ દૈનિકે લખ્યુ છે કે અમેરિકાએ વધુ 119 ભારતીયોનો કર્યો દેશનિકાલ
- સ્થાનિક અનેરાજ્યના સમાચારોમાં દરેક ગુજરાતી અખબારે અમદાવાદમાં મીઠાખળી ચાર રસ્તા પાસે એક બેફામ વાહન ચાલકે એક સાથે પાંચ વાહનોને અડેફેટે લીધા એક મહિલાનું મોતના સમાચારને તસવીર સાથે પ્રકાશિત કર્યા છે..
- જ્યારે તમામ અખબારોએ સ્થાનિક સ્વરાજની ચૂંટણીના સમાચાર પણ છેલ્લા પેજની હેડલાઇનમાં લીધા છે.. આ ઉપરાંત બિટકનેક્ટ છેતરપિંડીમાં અમદાવાદ ખાતેથી ઇડી દ્વારા જપ્ત કરેલા 1646 કરોડના નાણાના સમાચાર પણ પ્રકાશિત થયા છે.
- આ ઉપરાંત સ્પોર્ટ્સ પેજ ઉપર વડોદરામાં ચાલી રહેલી વુમન પ્રિમિયર લીગ મેચમાં મુંબઇ સામે દિલ્હીનો રોમાંચક વિજયના સમાચાર પણ તસવીર સાથે જોવા મળી રહ્યાં છે.